ફુલછાબ, ૨૦-૦૫-૨૦૨૬

# રખડતાં બાળકોનાં શિક્ષણ માટે કરુણાભર્યો પ્રયાસઃ સવેરા

ભગવાન બુદ્ધ જેતવનના રસ્તે જઇ રહ્યા હતાં, ત્યારે તેમણે વધ સ્થાન પર ઉભેલાં પશુને જોયું. તેમણે પશુવધની તૈયારી કરતા લોકોને પૂછ્યું: આ પશુને અહીં કેમ ઉભું રાખ્યું છે? લોકોએ કહ્યું: 'વધ કરવા માટે.' 'પરંતુ શા માટે આ પશુનો વધ કરો છો?' ભગવાન બુદ્ધે પૂછ્યું : તો જવાબ મળ્યો કે, 'અમને આ પશુનો વધ કરવાથી પૂણ્ય મળશે...' આ પ્રત્યુત્તર સાંભળતાં જ ભગવાન બુદ્ધ એ પશુના સ્થાને ઉભા રહી ગયા અને લોકોને કહ્યું: 'આ પશુને મુક્ત કરો અને મારો વધ કરો. તમને વધુ પૂણ્ય મળશે.'

નાની વસ્તુ વેંચતા કરગરતાં બાળકોને જોઇએ કદિ વિચાર આવ્યો છે કે આ બાળકો ભણતા કેમ નથી? એ અભણ રહેશે તો મોટા થઇ કરશે શું? આ પેઢી આવી રઝળતી રહેશે તો આપણા દેશનું ભાવિ કેવું હશે?...ના, આવા વિચારો મને ને તમને નથી આવતા ક્યારેય. આપણે તો નરી વાસ્તવિકતાથી મોઢું ફેરવી લેવા ટેવાય ગયા છીએ. પણ હરેશ ત્રિવેદી અને શ્રીમતી જીતા હરેશ ત્રિવેદીએ પોતાના ફલેટમાં ગગનચુંબી બાલ્કનીમાંથી નીચે જોયું ને એ દંપતીને આ બાળકો દેખાયાં ને એમનું દામ્પત્ય કરૂણા માર્ગે વહેવા લાગ્યું! એમના મનમાં સંસ્થા શરૂ કરવાનો વિચાર



## સમયની આરપાર


ડો. ભદ્રાયુ વછરાજાની
email: bhadrayu2@gmail.com


વધસ્થાન પર ઉભેલાં પશુની વેદના બુદ્ધે અનુભવી અને તે સમવેદનામાં પરિણમી. આનું નામ કરૂણા. આજકાલ સહાનુભૂતિના દરિયા ઉછળે છે પણ સમાનુભૂતિનાં વેણ સુકાતાં જાય છે!! ત્યારે એક પગભર થવા મથતું દંપતી કોઇની વેદના ભાળે ને એને પોતાની વેદના ગણી કાર્યરત બને ત્યારે 'સાચા સવેરા નિકલતા હૈ'

ભીખ માંગતા બાળકો- કચરો વીણતાં બાળકો- ચણાતી ઇમારતો પાસે મા-બાપ સાથે મજૂરી કરતાં કે રઝળતાં બાળકો-વાસણ, કચરા, પોતાં કરતાં બાળકો-રસ્તે ચૌટે ટ્રાફિક પાસે નાની

ઝળક્યો ને ૨૦૦૫માં એમણે 'વિદ્યાભારતી ફાઉન્ડેશન' રજિસ્ટર કરાવ્યું. ખ્યાલ સ્પષ્ટ હતો કે સંસ્થા એટલે પ્રવૃત્તિ. શરૂઆતમાં કોઇ પણ પ્રવૃત્તિ કે સંસ્થાને આપણે ચલાવવી પડે પછી તે આપણને ચલાવે. આમ તો ૨૦૦૧માં ભયંકર ભૂકંપ વખતે જ બન્ને ધ્રુજી ગયાં હતાં. વિનાશ જોઇને પણ એના આફટર શોક આવતા રહ્યા ને 'સવેરા' નામથી ભણાવવાની યાત્રા શરૂ થઇ.

હરેશ ત્રિવેદી તો સરકારી જાહેર સાહસમાં મેનેજર ને સૌ. જીતા શાળામાં શિક્ષિકા. શનિ-રવિ ને બીજી રજાઓમાં વંચિતોને ભણાવીએ-નવરાવી તાજા કરીએ-રમાડીએ-નાસ્તો પાણી કરાવીએ




ને ધીમે ધીમે શિક્ષણ પ્રત્યે રૂચિ જગાવીએ. એમના ત્રણ પડાવને ટૂંકમાં જાણી લઇએ: (૧) સવેરા સાઇટ સ્કૂલ: બાંધકામ સાઇટ પર કામ કરતાં મજૂરોનાં બાળકોને ત્યાં જ નજીકમાં ટેમ્પરરી શેડ બનાવી ભણાવવાના. જે તે સાઇટનું કામ પુરું થાય એટલે સવેરા સાઇટ સ્કૂલનું સ્થળાંતર થાય અથવા બંધ થઇ જાય. (૨) સવેરા સ્ટ્રીટ સ્કૂલ: ફૂટપાથ પર કે કાચાં છાપરાં કે તંબુમાં રહેતાં, કચરો વીણતાં ને ભીખ માંગતા શેરી બાળકોને ભણાવવાનાં. આ બાળકોને રહેવા માટે પાકું ઘર જ નથી એટલે તેમના ઘરથી સાવ નજીક એ શેરીમાં હંગામી વ્યવસ્થા બનાવી ઘડતર શરૂ. (૩) સવેરા શિક્ષણ કેન્દ્રઃ સરકારી ગરીબ આવાસ યોજનાની વસાહતોમાં એક સ્થાયી ઘર સવેરા માટે મળે છે

### હરેશ-જિતા દંપતી જ્યાં વંચિત બાળકો ત્યાં સ્કૂલ શરૂ કરે છે ને બાળપણ બચાવે છે

એટલે ત્યાં સવેરા શિક્ષણ કેન્દ્રનો આરંભ થઇ શકે છે ને સ્થાયી લાંબા ગાળાનો પ્રવાસ શરૂ થઇ શકે છે...જેએમસી રિવરફ્રન્ટ, થોળ, આંબાવાડી, સનાથલ, બીજે મેડિકલ કોલેજ, સિવિલ હોસ્પિટલ, પ્રહલાદનગર ખાતે સવેરા સાઇટ સ્કૂલ બાંધકામ મજૂરોના બાળકો માટે..! અંધજન મંડળ, ઇન્કમટેક્સ, પ્રહલાદનગર, જોધપુર, જુહાપુરા, શિવરંજની ખાતે સવેરા સ્ટ્રીટ સ્કૂલ્સ ફૂટપાથનાં બાળકો માટે..! સેટેલાઇટ, જોધપુર, વેજલપુર ખાતે સવેરા શિક્ષણ કેન્દ્રો સરકારી વસાહતોમાં વંચિત બાળકો માટે...! આ ઉપરાંત ત્રિવેદી દંપતી આ બાળકો માટે જે જ્યારે જંરૂર લાગે તે કરતા જ રહે છે. હમણાં 'સવેરા' નામથી એક સુંદર દસ્તાવેજી પુસ્તક હરેશ ત્રિવેદીએ લખ્યું છે. ગુર્જર પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત 'સવેરા' એક દંપતીની કરૂણામય શિક્ષણયાત્રાનો સુંદર ચિતાર પેદા કરે છે. કંઇક નક્કર કરવું છે તેના માટે 'સવેરા' એક પ્રકાશમાર્ગ છે...

**સારસંચય:** તસત્તુર, ખ્વાબ, દરવાજે, દરિયે: કોઇ આવે તો કિતને રાસ્તે હૈ...(ફહમી બદાયુની)